Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનંદ પ્રકાશ.

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્ત્વ વિકાશ;
આત્માને આરામ દે આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૩ જું. વિક્રમ સંવત્ ૧૯૬૨—ફાગણ. અંક ૮ મો.

## જૈન કોન્ફરન્સના ચતુર્થ વિજયનું ગીત.

### શાર્દૂલવિક્રીડિત.

આવ્યા રંગ ઊમંગથી પ્રતિનિધિ પ્રેમે ભર્યા પાટણે;
શોભા મંડપની ઘણી સરસ થૈ તે ભૂમિના અંગણે;[1]
ત્યાં ધર્મધ્વજ જૈનનો ફરકતો સત્કર્મ સાથે મથી,
જામ્યો શ્રી જયરંગ જૈનજનનો શ્રી પાટણે પ્રેમથી. ૧
ગાજી શ્રીયુત પૂર્ણ[2]ચંદ્ર મુખથી સત્કાર વાણી સતી
પૂર્વે પાટણનો પ્રભાવ રસથી જેમાં પ્રસાર્યો અતિ;
વાણી વર્ણવી વીરચંદ્ર[4] પ્રમુખે શ્રી વીરધર્મે કથી,
જામ્યો શ્રી જયરંગ જૈનજનનો શ્રી પાટણે પ્રેમથી. ૨

---

૧ આંગણામાં ૨ સત્કાર મંડલના પ્રમુખ શેઠ પુનમચંદ કરમચંદના મુખથી. ૩ શ્રેષ્ઠ ૪ શેઠ વીરચંદ દીપચંદ સી. આઇ. ઇ. કોન્ફરન્સના પ્રમુખ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યાં પૂર્વે વનરાજ વૈભવ વધ્યો ઉદ્યોતને આદરી,
શોભા સુંદર સિદ્ધરાજ નૃપની જ્યાં ધર્મ રંગે ભરી;
તે પંચાસર પાર્શ્વનાથ નગરી થૈ સંધનો સારથિ, [1]
જામ્યો શ્રી જયરંગ જૈનજનનો શ્રી પાટણે પ્રેમથી. ૩
શોભાવ્યો શુભ શીલગુણસૂરિએ જ્યાં જૈનના ધર્મને,
ઓપાવ્યો ઉપદેશથી ઉદયને વિસ્તારી સત્કર્મને;
હર્ષાવ્યો જિનસંધ હેમસૂરિએ જ્યાં ગ્રંથના હેમથી[2]
જામ્યો શ્રી જયરંગ જૈનજનનો શ્રી પાટણે પ્રેમથી. ૪

હરિગીત.

શ્રીમંત ગાયકવાડની સુસહાયથી શોભા ધરી,
ઉત્કર્ષ પામ્યો સંધ ભારતવર્ષનો શુભ [3] આદરી;
બહુ ભાષણો [4] મૃતવર્ષણે આનંદ ઓધ ધર્યો ઉરે,
જયવંત જૈનસમાજ જામ્યો પ્રેમથી પાટણ પુરે. ૫
ખોલી પ્રદર્શન જ્ઞાનનો [5] અંભોનિધિ ત્યાં પ્રેમથી,
શ્રીમાન દત્તે[6] રમ્ય ભાષણથી વધાવ્યું રૂહેમથી;
પ્રાચીનતા ત્યાં જૈનની દેશાભિમાન ધરી સ્ફુરે,
જયવંત જૈનસમાજ જામ્યો પ્રેમથી પાટણ પુરે. ૬
શાંતિ [7] સહિત [8] કાંતિ સ્ફુરી **કાંતિવિજય** મુનિરાજની,
ભ્રાંતિ ટળી ઉદ્ધારની પુસ્તક તણાં શુભ કાજની;
ચતુરાઇ અર્પી **ચતુરવિજયે** ધર્મ ભક્તિ[9] આતુરે,
જયવંત જૈનસમાજ જામ્યો પ્રેમથી પાટણ પુરે. ૭

---

૧ સાથે રહેનારી. ૨ હેમ-સુવર્ણથી અથવા દ્રવ્યથી. ૩ શુભકાર્ય ૪ ભાષણ રૂપ અમૃતની વૃષ્ટિથી. ૫ જ્ઞાનાંભોનિધિ પ્રદર્શન. ૬ વડોદરાના અમાત્ય મી. રમેશચંદ્ર દત્ત, સી. આઇ. ઈ. ૭ શાંતિએ યુક્ત ૮ તેજ-પ્રભા. ૯ ધર્મની ભક્તિમાં તત્પર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વનરાજ[1] સમ વનરાજ કેરી રાજધાની રાજતી,
બહુ ગ્રેજ્યુએટ તણી મનોહર ગર્જનાથી ગાજતી;
નિયમો ઘડયા નિજ કોમની ઉદ્ધારણા ધારી ઉરે,
જયવંત જૈનસમાજ જામ્યો પ્રેમથી પાટણ પુરે. ૮
ત્યાં ભવ્ય ભારત સંઘની સેવા બની સુખસારથી,
હર્ષિત થયા સૌ પટણિઓના પ્રેમ પૂરણ પ્યારથી;
સાધર્મિ બંધુ મગ્ન થાતાં સ્નેહસાગર[3] જલપૂરે,
જયવંત જૈનસમાજ જામ્યો પ્રેમથી પાટણ પુરે. ૯
આપ્યું નિમંત્રણ રાજનગરે સર્વ જૈન સમાજને,
ધાર્યું પછી ત્યાં ભાવનગરે ભાવથી તે કાજને;
આશીષ આપી સર્વને શ્રીજૈન શાસનના સુરે,[4]
જયવંત જૈનસમાજ જામ્યો પ્રેમથી પાટણ પુરે. ૧૦

# પાટણમાં મળેલી ચોથી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

ભારત વર્ષના જૈનોનો સાંસારિક તથા ધાર્મિક ઉત્કર્ષ કરવાને માટે આ મહા સભા ચાલતા વર્ષના ફાલ્ગુન માસની શુકલ દ્વિતીયા અને તે પછીના દિવસોએ મળી હતી. આ સભામાં દેશના પ્રત્યેક ભાગમાંથી પધારેલ જૈન ગૃહસ્થો ઉપરાંત મુનિરાજો પણ પધાર્યા હતા જેથી દરેક પ્રેક્ષકને ચતુર્વિધ સંઘના દર્શનનો

૧ સિંહ. ૨ શ્રેષ્ઠ સુખથી. ૩ સ્નેહ રૂપ સમુદ્રના જલના પૂરમાં.
૪ શ્રી જૈન શાસનના દેવતાએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાભ મળ્યો હતો. પ્રથમ સૌને માંગલિક ગીત શ્રવણ કરાવ્યા પછી સત્કાર મંડલના પ્રમુખે આવકારદાયક ભાષણ કર્યું હતું.

## રીસેપ્શન કમીટીના પ્રમુખ

### પુનમચંદ કરમચંદ કોટાવાળાનું ભાષણ.

જ્યાં ગુર્જરાધિપતિ મહારાજ વનરાજને શ્રીશીલગુણસૂરિએ જૈન માર્ગ બતાવી શ્રી પંચાસરા પાર્શ્વનાથના મંદિરની પ્રતિષ્ટા કરાવી હતી—જ્યાં કળિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યનાજ ઉપદેશથી સિદ્ધરાજ અને કુમારપાળ આદિ રાજાઓ ધર્મબોધ પામ્યા હતા, તથા કુમારપાળ મહારાજે તો અમારી ઘોષણા કરાવીને પોતે બારવ્રત અંગીકાર કર્યા હતાં, જ્યાં શ્રી હેમચંદ્રાચાર્યે સાતસો લહિયાઓ બેસાડી સાડા ત્રણ કોટિ શ્લોકો બનાવ્યા હતાં—જ્યાં એ આચાર્યોના સમયમાં સોના રૂપાની શાહીથી પુસ્તકો લખવામાં આવતાં હતાં ( કે જેના પુરાવા તરીકે તેવાં પુસ્તકો પાટણ જ્ઞાનાંભોનિધિ પ્રદર્શનમાં દરેક પ્રેક્ષકને દષ્ટિગોચર થયાં હશે )—જ્યાં ચોરાશી હજાર શ્લોક પ્રમાણ સ્યાદ્વાદ રત્નાકર નામનો ગ્રંથ લખનાર શ્રી અજીતદેવસૂરિ, હેમકુમારચરિત્ર લખનાર શ્રી સોમ પ્રભાચાર્ય, કાવ્ય કલ્પલતા તથા બાળભારતના કર્તા શ્રી અમરચંદ્ર કવિ, ઉપદેશમાળાના કર્તા શ્રી રત્નપ્રભાચાર્ય, કાવ્ય પ્રકાશના ટીકાકાર શ્રી માણેકચંદ્ર સૂરિ, ગણધર સાર્ધ શતકના કર્તા દાદા શ્રી જીનદત્તસૂરિ, સમ્યક્ત્વ મહોદધિના કર્તા શ્રી ચક્રેશ્વર સૂરિ, નવાંગી ટીકાના સંશોધક શ્રી દ્રોણાચાર્ય, ચૈત્યવંદન વૃહદ્‌ભાષ્યના યોજક શ્રી ધર્મઘોષસૂરિ તથા શાંતિકર સ્તોત્રના કર્તા શ્રી મુનિસુંદરસૂરિ, અકબર પાદશાહને પ્રતિબોધનાર પર્વને દિવસે હિંસા ન થાય એવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બંદોબસ્ત કરાવનાર તથા શ્રી શત્રુંજયાદિ તીર્થની રક્ષાનો બાદશાહી દસ્તાવેજ મેળવનાર શ્રી હીરવિજય સૂરિ આદિ અનેક રત્નો જે વીરભૂમિને અલંકૃત કરી ગયા છે તે ઇતિહાસ વિષે સુપ્રસિદ્ધ—ચાવડા રાજાઓના પાટનગર—શ્રી પાટણ શહેરને વિષે આવા ઊજવળ પ્રસંગે આપ સર્વને એકત્ર મળેલા જોઇ મને અપૂર્વ આનન્દ ઉત્પન્ન થાય છે.

બંધુઓ ! તેજ આ પુરાણી ખ્યાતિ અને જાહોજલાલિવાળું પાટણપુર છે કે જેને વિષે વળી શ્રી વિમલાચળ તીર્થે ચાર કોટિ સુવર્ણનો વ્યયકરનાર, શ્રી અર્બુદાચળ તીર્થે શ્રી રૂષભપ્રાસાદ કરાવનાર, આરાસુર પર્વતે કૂંભારીયાજીના ભવ્ય મંદિરો બંધાવનાર જગવિખ્યાત વિમલશાહ શેઠ થઇ ગયા છે. વળી સિદ્ધરાજના સાંતુ નામના મંત્રીએ પોતાનો મેહેલ પોષધશાળા તરીકે વપરાવા અર્પણ કર્યો હતો; કુમારપાળના મંત્રી ઊદાયને કર્ણાવતી નગરીમાં બહોંતેર જીનાલયનો વિશાળ પ્રાસાદ બંધાવ્યો હતો—ઉદાયનના પુત્ર બાહડ મંત્રીએ સંવત ૧૨૧૧ માં શત્રુંજય ઉપર તીર્થોદ્ધાર કરાવી, શ્રી હેમચંદ્રાચાર્યના હાથે પ્રતિષ્ટા કરાવી ચોવીસ ગામ દેવપૂજામાં અર્પણ કરી તલેટીમાં બાહડપુર વસાવ્યું હતું—અને રૈવતાચળ ઉપર ત્રેસઠ લાખ દ્રવ્ય ખર્ચી સુગમ પગ રસ્તો બંધાવ્યો હતો. વસ્તુપાળ અને તેજપાળ જેવા વીરભાઇઓએ કોટિગુણા દ્રવ્યો ખર્ચી સેંકડો જીનપ્રાસાદો, પૌષધશાળાઓ, પાણીની પરબો, પુસ્તકભંડારો, નિશાળો, ધર્મશાળાઓ, સદાવ્રતો વિગેરે કરાવ્યા હતા. આ સર્વ રત્નો તે આજ પાટણ નગરની ભૂમિમાં ઉત્પન્ન થયાં હતાં.

ગૃહસ્થો ! ઉપર પ્રમાણેની સત્ય ઇતિહાસિક બાબનોથી પૂર્ણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને સમગ્ર જૈન કોમની પૂર્વની ઊંચિ સ્થિતિનું ભાન કરાવનાર એવા આ પાટણ નગરને વિષે આપણી ધાર્મિક અને આર્થિક ઉન્નતિના વિચારને અર્થે, આપ સર્વ ભાઈઓ શ્રી સંઘના આમંત્રણને માન આપી, સકળકાર્ય ત્યજીને પધાર્યા છો તેને માટે આપ સર્વનો હું અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

બન્ધુઓ! ઈતિહાસ ઉન્નતિનો માર્ગ બતાવે છે. વળી ઇતિહાસ ઉપરથી પ્રાચીનકાળમાં થઈ ગયેલા પુરૂષ રત્નો—આચાર્યો ગૃહસ્થો વગેરેના ઊત્તમ ચરિત્રો જાણી તેનું અનુકરણ કરી આપણે પણ એમના સમાન થવા પ્રયત્ન કરવો હોય તો કરી શકીએ એવાં એવાં કારણોને લીધે ઉપર પ્રમાણેની ઐતિહાસિક હકીકતો આપના સન્મુખ રજુ કરીછે તે સર્વપર આપ યથાશક્તિ વિચાર—મનન કરશો.

કેળવણી—વાસ્તવિક કેળવણી આપણા બાળકોને મળે અને નકામી બાબતોને પડતી મુકી, દેશ કોમ અને ધર્મને લગતો ઇતિહાસ શીખવવામાં આવે તો ઉત્તમ પરિણામ આવે. આ બધા માટે એટલું કરવાની જરૂર છે કે કેળવણી બાળકોને આપવી તે આપણે પોતાને હાથે આપવી જોઇએ અને એમ થવાને માટે સ્ત્રી કેળવણીની ખાસ આવશ્યકતા છે. પ્રાચીન કાળમાં પણ ઉચ્ચ કેળવણી પામેલી સ્ત્રીઓના દ્રષ્ટાન્તો જોઇએ તો અનેક છે. પુરૂષો સાથે સ્ત્રીઓને કેળવણી આપવીજ જોઈએ તેનું કારણ એ કે જેમ એક હાથે તાળી પડતી નથી તેમ દેશની આબાદાની સ્ત્રીઓ શિવાય એકલા પુરૂષોથી થવાની નથી.

ગૃહસ્થો—ત્યારે હવે આપણે આપણા અભ્યુદયને માટે કરવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઇતાં કાર્યોના ઠરાવ રજુ કરવાના છે—રજુ કરવાના—એટલુંજ નહીં પરંતુ અમલમાં મુકવાનાછે તેની સાથે મારે એટલું વધારે કહેવાની-ભાર દઇને કહેવાની જરૂર પડે છે કે તે બધામાં જે ખાસ એક વસ્તુની અગત્ય છે, જેનાથીજ આપણી કોન્ફરન્સના હેતુઓ જલદીથી પાર પડી શકશે, એ આપણા આગેવાન—ગ્રેજ્યુયેટો અને શ્રીમંતોએ આપવો જોઇતો આત્મ ભોગ છે. આ બાબતમાં ઑનરેબલ મી. ગોખલે અને પુનાની ફરગ્યુસન કૉલેજના પ્રોફેસરોનો દાખલો લેવાને એ આપણા વર્ગને હું નમ્રતા પુર્વક વિનંતિ કરૂં છું. શ્રીમંતોએ દ્રવ્યથી સહાય કરવાની અને વિદ્વાન્ વર્ગે બુદ્ધિબળથી સેવા બજાવવાની જરૂર છે.

આ પ્રમાણે સ્વાગત કમીટીના પ્રમુખ સાહેબનું ભાષણ સમાપ્ત થયે, કોન્ફરન્સના પ્રમુખની ચુંટણીની દરખાસ્ત થતાં શેઠ વીરચંદ દીપચંદ પ્રમુખ સ્થાને વિરાજમાન થયા અને નીચે પ્રમાણે બોલ્યા,

કોન્ફરન્સ એ એક એક માણસનું એકત્ર થયેલું મંડળ છે. આપણી કોમ શરીર બળમાં બુદ્ધિબળમાં પૈસેટકે અને ધર્મ જ્ઞાનમાં છેક ઉતરી ગઇ છે તો તેને તે તે બાબતમાં ઉંચી સ્થિતિએ લઈ જવી એને માટેજ આપણે દરવર્ષે એકત્ર થઇએ છીએ. એક હાથે તાળી પડે નહીં માટે એકઠા થઇને કામ કરવાની ખાસ જરૂર છે. કોન્ફરન્સના કામનું ફળ તત્કાળ એકદમ કદાચ ન મળે તો તેથી ના ઉમેદ થવાનું નથી. મોટાં કાર્યો ધીમે ધીમેજ પાર પડે છે. જુના વિચારો ફેરવાયા છે, નિદ્રામટીને સર્વત્ર જાગ્રતિ ફેલાઈ છે, પ્રાંતિક કોન્ફરન્સો ભરાવા માંડી છે, જીર્ણોદ્ધારનું કામ શરૂ થયું છે, પુસ્તકોની ટીપ કરવાનું કામ પણ આરંભ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણી જગ્યાએ પાઠશાળાઓ તથા કન્યાશાળાઓ સ્થપાણી છે અમદાવાદ અને મુંબઈ જેવામાં તે શ્રાવિકાશાળાઓ પણ ચાલુ થઈ છે, જીવહિંસાવાળી ચીજો નહીં વાપરવાના ઠરાવો થયા છે અને કોન્ફરન્સને કાયમ નીભાવવા સુકૃત ભંડારના નામથી અમુક લાગો કેટલીક જગોએ દાખલ થયોછે. મુંબઈમાં પનાલાલજી સ્કુલ પણ ખુલ્લી મુકાણીછે અને બોરડીંગ સ્થાપવા ફંડની ગોઠવણ પણ થઈછે. ગરીબ જૈન વિદ્યાર્થીઓને સ્કોલરશીપો અપાય છે. દુકાળથી પીડાતા જૈન ભાઇઓને યોગ્ય મદદ આપવામાં આવે છે. બનારસમાં યશોવિજયજી પાઠશાળાનું કામ સારી રીતે ચાલેછે. છેવટ જૈન ડીરેકટરીનું અતિ વિકટ કામ પણ નિયમિત રીતે શરૂજ છે. આવી અનેક બાબતો કોન્ફરન્સ મળ્યા પછીજ થઇ શકી છે અને હજુ વધારે થઈ શકશે માટે જે ઉત્સાહ ખંત અને તન મન ધનથી આ કોન્ફરન્સને ચાલુ કરવામાં આવી છે તેજ ઉત્સાહ, ખંત અને તન મન ધનની મદદ આપણે સૌ ચાલુ રાખીશું તો મને આશા છે કે આપણે આપણી અગાઉની ઉંચી સ્થિતિએ જઈ પહોંચશું.

બંધુઓ, કોન્ફરન્સ સંબંધી આટલી હકીકત આપના ધ્યાન-પર લાવ્યા પછી આપણા ઉદયના સાધનો કયા છે તે ઉપર બોલ-વાની રજા લઉં છું.

આપણી સમગ્ર કોમની ઉન્નતિ રૂપી ઇમારતનો પાયો તે કેલવણી છે. જ્ઞાન વિનાના મનુષ્યનું આચરણ પશુના જેવું હોય છે. વિદ્યાથીજ આપણને સારા નરસાનું ભાન થાય છે અને વિનય આવે છે. વિદ્યાથીજ માણસ પોતાનો અને પોતાના કુટુંબનો નિર્વાહ સહેલાઈથી કરી શકે છે. વિદ્યાથીજ માણસ પોતાનું અને દેશનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કલ્યાણ કરી શકે છે અને વિદ્યાર્થીજ માણસ આ લોક અને પરલોક સાધી શકે છે.

આપણા બાલકો ન્યાયમાં, વૈદકમાં, હુન્નર ઉદ્યોગમાં પ્રવીણ થઇ પોતાને સ્વતંત્ર ધંધો ચલાલવાં શીખે તેમ કરવાની જરૂર છે. નોકરી કરવામાંજ પોતાનુ સાર્થક થવાનું છે એવા વિચારો તેમને ન થાય એટલા માટે આપણા શ્રીમંત વર્ગે તેઓની લાયકાત મુજબ તેમને પૈસા સંબંધી મદદ આપી સ્વતંત્ર ધંધામાં જોડાવી આપવા પ્રયત્ન કરવો જોઇએ.

મુંબઈમાં કાલેજો વિગેરે વિદ્યાના મુખ્ય સાધનો હોવાથી ત્યાં બોરડીંગની ઘણી જરૂર છે. આ બાબતમાં શેઠ ગોકળભાઇએ રૂ. ૭૫૦૦૦) આપવા કહ્યા છે અને કોન્ફરન્સ કેલવણી ફંડમાંથી રૂ. ૨૫૦૦૦) આપવાનું નકી થયું છે. આ એક લાખ રૂપીયાની રકમ જમીન તથા મકાન બાંધવાના ખર્ચમાં વપરાઈ જશે માટે બોરડીંગના કાયમી ખર્ચને માટે ફંડની આવશ્યકતા રહે છે. બોરડીંગમાં રેહેનાર વિદ્યાર્થીની રહેણી કરણી જૈન ધર્માનુસારી રહેશે તે ઉપરાંત ત્યાંના જૈન વિદ્યાર્થીઓમાં સંપની વૃદ્ધિ થશે. બોરડીંગના કાર્યમાં મદદ કરવી એ જ્ઞાનદાન હોવાથી અતિ પુણ્યબંધનું કારણ છે, માટે સર્વે જૈનભાઇઓ આમાં યથાશક્તિ મદદ કરશેજ.

વ્યવહારિક જ્ઞાન ઉપરાંત આપણે આપણા બાળકોને ધર્મશિક્ષણ પણ આપવું જોઈએ. ધર્મ સંસ્કારી માણસો પોતાનું જીવિત નિર્દોષે ગાળી શકશે જેથી તેઓનો પરલોક પણ સુધરશે.

માતા કેળવાયલી હોય તો તેના ઉત્તમ ગુણો તેની પ્રજામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વાભાવિક રીતે આવે છે માટે બાલાઓને શિક્ષણ આપવા તરફ વિશેષ ધ્યાન આપવાની જરૂર છે પ્રથમ તીર્થંકર શ્રી રૂષભદેવે પોતાની પુત્રી બ્રાહ્મી અને સુંદરીને સમગ્ર કલાનું અધ્યયન કરાવી સ્ત્રી શિક્ષણ પદ્ધતિનો પાયો નાંખ્યો હતો. ત્યારબાદ સીતા, દમયંતી, મયણા સુંદરી, પ્રભાવતી વિગેરે કેળવાયલી સ્ત્રીઓના દાખલા મોજુદ છે.

એક અંગ્રેજ કવિ કહે છે કે જ્યાં સુધી ભારતવર્ષની સ્ત્રીઓ સંકુચિત જીવનમાંથી મુક્ત થશે નહીં ત્યાંસુધી ભારતનોઉદય થવાને નથી, કારણકે વિશેષે આર્યાવર્તની આર્યાઓનાજ હાથમાં ભારતોત્કર્ષ રહેલો છે. પત્ની પતિને સોત્સાહ યા નિરૂત્સાહ કરે છે, માતા પુત્રને સુધારે છે અથવા બગાડે છે.

સ્ત્રીઓએ ગ્રેજ્યુએટ થવું એવો આપણો હેતુ નથી. તેઓ સુશીલ થાય, ગૃહવ્યવહારમાં કુશળ થાય, બાળકોને સારી રીતે ઉછેરી શકે, પોતાના પતિને બોજારૂપ ન થતાં સહાય રૂપ થાય, પોતાનું ઘર સુઘડ—સ્વચ્છ રાખતાં શીખે, પોતાનું તથા કુટુંબનું આરોગ્ય કેમ જળવાય તે પ્રમાણે વર્તે, અને અવકાશે ભરત શીવણ કે ધર્મ કથા વાંચન કરે એવો આપણો હેતુ છે.

વળી આપણા હાનિકારક રિવાજો હાનિકારક છે એવું સ્ત્રીઓના સમજવામાં આવે તો તે રીવાજો સહેલાઈથી નીકળી શકશે. આમ થવાને માટે પણ સ્ત્રી કેળવણીની અગત્ય છે.

સતીઓના ચરિત્રો સ્ત્રી કેળવણી માટે ઉપયોગી થઈ પડશે. (જુઓ ભરહેસર બાહુબલિવૃત્તિ ભાષાંતર)

તીર્થંકર મહારાજના મુખમાંથી નીકળેલી ગંભીર વાણીનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભંડાર, હજારો વર્ષ ઉપર થઈ ગયેલા તત્વવેત્તાઓના વિચારને મૂળ સ્વરૂપમાં જાળવી રાખનાર, આ ભવ અને પરભવનું શ્રેય કરનાર જ્ઞાન રૂપી ખજાનો તે આપણા અપૂર્વ ગ્રંથો છે. સુધર્માસ્વામીએ ગુંથેલાં વચનોને ત્યાર પછીના મહાન આચાર્યોએ અનેક રૂપે પ્રરૂપેલા છે. હરિભદ્રસૂરિ, ઉમાસ્વાતિવાચક, ભદ્રબાહુસ્વામી, હેમચંદ્રાચાર્ય તથા યશોવિજયજી જેવા વિદ્વાન્ મહાત્માઓના આધ્યાત્મિક અને નૈતિક વિચારોનો સંગ્રહ એ ગ્રંથોમાં કરવામાં આવેલોછે. રાજ્યના જુલ્મને લીધે એવા અમૂલ્ય પુસ્તકો ભંડારી દેવામાં આવ્યાં હતાં. પરંતુ હવે સમય બદલાયે એ અણમૂલ ખજાનાની સ્થિતિ શું થઈ છે તેનો તપાસ કરવો જોઇએ. આ બાબતમાં મી. ઢઢ્ઢાએ તથા મુનિરાજ શ્રી કાંતિવિજયજીએ સ્તુત્ય પ્રયાસ કર્યો છે. જ્યારે તમામ પુસ્તકોની ટીપ પૂર્ણ થાય ત્યાર પછી ઉદ્ધારનું કાર્ય હાથમાં લવું જોઇએ.

આપણી પ્રાચીન મોટાઈનું સ્મરણ કરાવનાર, હિંદુસ્થાનની અસલ કારીગીરીના અદ્ભુત નમુના રૂપ આપણા ભવ્ય મંદિરો જે હાલ જીર્ણ સ્થિતિમાં હોય તેનો ઉદ્ધાર કરવો એમાં નવીન મંદિર બંધાવવા કરતાં અષ્ટગણું ફળ કહેલું છે. જીર્ણોદ્ધારનું કાર્ય ચાલે છે તોપણ તે કાર્યમાં એક તીર્થરક્ષક કમીટી નીમવાની જરૂર છે.

કેળવણી, પુસ્તકોદ્ધાર, મંદિરોદ્ધારનાં કાર્યમાં પૈસાની જરૂરીયાત રહેલી છે ત્યારે હાનિકારક રીવાજો દૂર કરવામાં પૈસાનો બીલકુલ ખપ નથી તો પછી આવા અધમ રીવાજોને બંધ કરવા દરેક જૈને તત્પર થવું જોઈએ.

નિરાધાર રોગી કે નિરાધાર વૃદ્ધોને માટે આશ્રમો સ્થાપવાની જરૂર છે. મા બાપ વગરના બચ્ચાંઓને માટે અનાથ બાળાશ્રમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યાને ઓરફનેજ સ્થાપવા જોઈએ. ઉત્તર હિંદુસ્થાનમાં દિગંબર ભાઈ ઓએ આવું એક ઓરફનેજ સ્થાપ્યું છે. કામ કરી શકે એવાં માણસોને ધંધાના સાધન કરી દેવાની જરૂર છે. આવા માણસોને પૈસાની મદદ આળસુ થવામાં નહીં આપતાં ધંધો કરવામાં આપવાથી તેઓ બોજા રૂપ થતાં અટકશે. માટે ઉદ્યોગશાળા ઉઘાડવાની પુરેપુરી જરૂર છે.

જાહેર ખાતાના હિસાબો બહાર પડવા જોઇએ. લોકોએ આપેલા પૈસાનો કેવો ઉપયોગ થાયછે તે જ્યાંસુધી લોકોના જાણવામાં આવે નહીં ત્યાં સુધી તે તે ખાતાના મેનેજરના કામ તરફ શકની નજરે જોવામાં આવે એ સ્વાભાવિક છે.

જીવદયાની બાબતમાં આપણું કાર્ય એ છે કે માંસાહારી મનુષ્યો કોઇ રીતે વનસ્પતિ આહાર વાળા થાય અને હિંસક લોકો દયાળુ થાય આ કાર્ય માટે ઠામે ઠામ ઉપદેશકોની જરૂર છે.

બંધુઓ, આ બધાં કાર્યો થવા સારૂ જે ઉત્સાહથી આપણે પ્રારંભ કરેલો છે તેવાજ ઉત્સાહથી આપણે આગળ ચલાવાનું છે. આપણે ત્રણ દિવસો સુધી ભાષણો આપી ઠરાવો કરી ચાલ્યા જઇએ એટલે આપણું કામ થઇ ગયું એમ સમજવાનું નથી. દરેક જૈન ભાઇએ યથા શક્તિ મદદ આપવી જોઇએ સૌ ભાઇઓએ જાપાનીઝ લોકોની માફક સ્વાર્પણ કરવા તઇયાર થવું જોઇએ. જ્યારે એ પ્રમાણે થશે ત્યારે આપણો ઉદયકાળ સમીપ આવ્યો ગણી શકાશે ''

ઉપર પ્રમાણે પ્રમુખ સાહેબનું ભાષણ પૂર્ણ થયે ગઇ સાલનો કૉન્ફરન્સ તરફથી કાર્યનો રીપોર્ટ વાંચી સંભળાવવામાં આવ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારબાદ બીજે અને ત્રીજે દિવસે નીચે પ્રમાણે ઠરાવો એક પછી એક રજુ કરવામાં અને તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા.

## ઠરાવ પહેલો.

નામદાર પ્રિન્સ અને પ્રિન્સેસ ઑફ વેલ્સની આ દેશમાં પધરામણી થવાથી આખા હિંદુસ્થાનના જૈનકોમના પ્રતિનિધીઓની પાટણ શહેરમાં મળેલી આ ચોથી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ પોતાનો અતઃકરણનો હર્ષ પ્રદર્શિત કરે છે અને તેઓ નામદારને વિનંતી કરેછે કે જૈન કોમની રાજ પ્રત્યેની વફાદારીની ખબર તેઓ સાહેબ પોતાના નામદાર પિતાશ્રી ને જણાવવા મેહેરબાની કરશે.

આ ઠરાવના ખબર તારદ્વારા તેઓ નામદાર તરફ મોકલવા.

## ઠરાવ બીજો.

નામદાર શ્રીમંત સયાજીરાવ ગાયવાડ મહારાજા સાહેબના વિસ્તીર્ણ રાજ્યની શીતળ છાયામાં બીજીવાર આ કૉન્ફરન્સ એકઠી મળતાં તેઓ સાહેબે ઉદાર દીલથી જે આશ્રય આપ્યો છે તેને માટે આ કૉન્ફરન્સ તેઓ સાહેબનો અતઃકરણથી આભાર માનેછે.

આ ઠરાવની ખબર તેઓ સાહેબના નામદાર દીવાન સાહેબને જણાવવી.

## ઠરાવ ત્રીજો.

આપણી કૉન્ફરન્સના ચારે સેક્રેટરીઓએ પોતાન. અમૂલ્ય વખતનો ભોગ આપી જે કિમતી સેવા બજાવી છે તેને માટે તેમનો અંતઃકરણથી આભાર માનવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઠરાવ ચોથો.

આ કૉન્ફરન્સમાં કરવામાં આવેલા ઠરાવોનો અમલ થવા માટે જે જે મુનિ મહારાજાઓએ પ્રયાસ કર્યો છે તેમનો આ કૉન્ફરન્સ અંતઃકરણથી આભાર માનેછે અને સર્વ મુનિસમુદાયને તેજ પ્રમાણેનો પ્રયાસ ચાલુ રાખવા વિનંતિ કરેછે.

## ઠરાવ પાંચમો.

આપણી જૈન કોમમાં વ્યવહારિક અને ધાર્મિક કેળવણીની વૃદ્ધિ થવા માટે નીચે પ્રમાણેના ઉપાયોની યોજના કરવી ઘટિતછે.

૧ દરેક બાળક યા બાળકીઓને ફરજીયાત કેળવણી આપવી એટલે કોઇ પણ બાળક કે બાળકીઓને તેમનાં માબાપોએ અભણ રાખવાં નહિં.

૨. જૈન બંધુઓને ક્રમસર ધાર્મિક કેળવણી મળવાને માટે કન્યાશાળા અને જૈન શાળોપયોગી સીરીઝ બનાવવાની ગોઠવણ કરવી અને તેને માટે એક કમીટી નીમવી.

૩. ધાર્મિક કેળવણી અર્થ સહિત અને જેને તેના રહસ્યનું જ્ઞાન થાય તેવા પ્રકારની યોજના કરવી.

૪. જૈન વિદ્યાર્થીઓને ઉંચા પ્રકારની કેળવણી મળીશકવા માટે તેમજ કળાકૌશલ્ય સબંધી કેળવણી આપવા માટે સ્કોલરશીપો આપવી અને જૈન બોર્ડીંગ સ્થાપવી.

૫ જૈન લાઇબ્રેરીઓ અને બુકડીપો સ્થાનકે સ્થાનકે સ્થપાય તેવી ગોઠવણ કરવી કે જેનીઅંદર છાપેલાં તમામ પુસ્તકો મળી શકે.

૬ દરેક સારા શેહેરમાં મોટી ઉમ્મરની શ્રાવિકાઓને અભ્યાસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરાવવાને શ્રાવિકાશાળાઓ સ્થપાવવી અને તેની અંદર ઉદ્યોગનું શિક્ષણ પણ અપાય તેવી ગોઠવણ કરવી.

આ બાબતોની આ કોન્ફરન્સ ખાસ આવશ્યકતા ધારે છે.

## ઠરાવ છઠ્ઠો.

### જીર્ણ પુસ્તકોદ્ધાર સંબંધી.

આપણા મહાન પુર્વાચાર્યોએ રચેલા અનેક પ્રાચીન ગ્રંથો જુદા જુદા શહેરોમાં પુસ્તક ભંડારની અંદર રહેલા છે તેનો હવે પછી વિનાશ ન થાય તેવી યોજના કરવી, જીર્ણ સ્થીતિના અલભ્ય ગ્રંથોની નવીન પ્રતો લખાવી તેનો પુનરોદ્ધાર કરવો અને દરેક ભંડારની ઉપયોગી હકીકત સાથેની ટીપ તઈયાર કરવી, તેની આ કોન્ફરન્સ આવશ્યક્તા ધારે છે. તે સાથે ઠરાવ કરે છે કે દરેક પુસ્તક ભંડારના અધિકારીઓએ પોતાના કબજાના ભંડારોની ટીપની નકલ કોન્ફરન્સ તરફ મોકલવી અથવા જો ટીપ બરાબર તઈયાર નહોય તો કોન્ફરન્સની મદદ માગવી જેથી તે કાર્ય પરત્વે યોગ્ય મદદ આપવામાં આવશે.

## ઠરાવ સાતમો.

### પ્રાચીન શીલાલેખોનો સંગ્રહ કરવા સંબંધી.

અનેક સ્થાનકે આપણા પ્રાચીન શીલાલેખો પ્રતિમાજીની નીચે તેમજ છુટા છવાયા છે. તે બધાનો એકત્ર સંગ્રહ કરવાથી આપણી પુર્વની જાહોજલાલીવાળી સ્થીતિ ઉપર વિશેષ પ્રકાશ પડી શકે છે તથા ઐતિહાસિક સ્થીતિ જાહેરમાં આવે છે માટે તે કાર્ય કરવાની આ કોન્ફરન્સ આવશ્યક્તા ધારે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઠરાવ આઠમો.

### જીર્ણ ચૈત્યોદ્ધાર સંબંધી

આપણા પુર્વ પુરૂષોએ અગણિત દ્રવ્ય ખરચીને મહાન દેવાલયો બંધાવેલાં છે તેમાંથી જે જીર્ણ સ્થીતિમાં આવી ગયેલાં હોય તેનો જીર્ણોદ્ધાર કરવાની આપણી ખાસ ફરજ છે તેથી તે કાર્યમાં બનતો પ્રયત્ન કરવો જોઇએ અને તેને માટે ચૈત્યરક્ષક કમીટી નીમવી જોઈએ.

## ઠરાવ નવમો.

૧ જીવોની થતી હિંસા તથા જનાવરો ઉપર ગુજરતું ઘાતકીપણું અટકાવવા બનતો પ્રયત્ન કરવો.

૨ પાંજરાપોળ જયાં જયાં હોય ત્યાં ત્યાં સારી સ્થીતિ પર લાવવી અને ન હોય ત્યાં જરૂર જણાય તો નવી સ્થાપવી.

૩ જીવોની વિરાધનાથી થતી ચીજો ન વાપરવા માટે ઠરાવો કરવા.

૪ ધર્મને બહાને અથવા વેપારને બહાને જનાવરો ઉપર ગુજરતું ઘાતકીપણું અટકાવવા પ્રયત્ન કરવો.

૫ જીવ દયાના સંબંધમાં ઉપદેશકો રાખી તેનો પ્રચાર વધારવો.

આ સંબંધીની આ કોન્ફરન્સ ખાસ આવશ્યકતા ધારે છે. તે સાથે રોહીશાળામાં થયેલા જીવદયાના સંબંધના ઠરાવને માટે ભગત લાખા ભગવાન વગેરેનો આ કોન્ફરન્સ આભાર માને છે. અને તે ઠરાવનો અમલ દરેક જગોએ થાય તેને માટે યથાયોગ્ય તજવીજ કરવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઠરાવ દશમો.

( ધાર્મિક ખાતાઓના હિસાબ પ્રગટ કરવા સંબંધી )

ધાર્મિક ખાતાના હિસાબો તઈયાર રાખવાથી અને તે પ્રગટ કરવાથી તેની અંદર ગોટાળા વળી શકતા નથી. આવક પણ વૃધી પામે છે, અને વિશ્વાસ વધે છે, તેથી દરેક ધાર્મિકખાતાના હીસાબ તૈયાર રાખવાની, જે કોઈ જૈનબંધુ જોવા માગે તેને બતાવવાની તથા તેને છપાવી પ્રગટ કરવાની આ કોન્ફરન્સ આવશ્યકતા ધારે છે, અને ઠરાવ કરેછે, કે જે જે ખાતાના હીસાબ દર વર્ષે બહાર પડે તેની કોન્ફરન્સે નોંધ રાખવી, અને તે દરવર્ષે પ્રગટ કરવી કે જેથી તેવી રીતે હીસાબો બહાર પાડવાની બીજાઓને પણ ઇચ્છા થાય.

આ કાર્ય માટે એક પગારદાર માણસ રાખીને કામ લેવાની જરૂર જણાતાં શેઠ ગોકુળભાઇ દોલતરામ તરફથી મી. મંગળદાસ છગનલાલે જાહેર કર્યું કે એવું માણસ રાખવાને માટે પાંચ વર્ષ સુધી દર માસે રૂ. ૫૦ થી ૭૫ સુધી પગારખર્ચના આપવાને અમે કબુલ કરીએ છીએ; ને સાથે વિશેષ પણ જાહેર કરવામાં આવ્યું કે પાટણ નિવાસી શા. ચુનીલાલ નહાનચંદ પાંચ વર્ષ સુધી વગર પગારે કામ કરવા કબુલ કરે છે. આ પ્રમાણેની હકીકત જાહેર થવાથી કોન્ફરન્સ તે બંને ગૃહસ્થોને ધન્યવાદ આપે છે, અને તે પ્રમાણેના બંને માણસોથી કામ લેવાનું કોન્ફરન્સ દુરસ્ત ધારે છે.

## ઠરાવ અગીયારમો.

( નિરાશ્રીત જૈન બંધુઓને આશ્રય આપવા સંબંધી. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણા જૈનબંધુઓ જેઓ દૈવયોગે મંદ સ્થિતીમાં હોય તેમને આશ્રય આપવાની શ્રીમંત જૈન ગૃહસ્થોની ખાસ ફરજ છે તેથી ઉદાર દીલથી તેવા બંધુઓને આશ્રય આપવો, અને જેમ બને તેમ નવા નવા ઉદ્યોગે ચડાવવાનો પ્રયત્ન કરવો, તેની આ કોન્ફરન્સ આવશ્યકતા ધારે છે. અને તેને માટે શ્રીમાન જૈનબંધુઓને આગ્રહ પુર્વક વિનંતી કરે છે.

## ઠરાવ બારમો.

### ( સંપવૃદ્ધિ સંબધી )

સંપ ત્યાં જંપ એ સિદ્ધ થયેલી કહેવત છે કે જેનો અનુભવ આપણને સર્વને થયેલો છે, તેથી ધાર્મિક સંબંધને દઢ કરવા માટે કોઇપણ પ્રકારની ઈર્ષા, સ્પર્ધા, કે અદેખાઈ ન રાખતાં પરસ્પર સંપની વૃદ્ધિ કરવાની આ કોન્ફરન્સ ખાસ આવશ્યકતા ધારે છે. આ કોન્ફરન્સ દઢ કરવાનો મુળ પાયો તેજ છે. વળી આ હેતુને મજબુત કરવાને માટે અંદર અંદરના કોઈપણ બાબતની તકરારમાં બનતાં સૂધી કોરટે ન ચઢતાં પ્રમાણીક ગૃહસ્થોને પંચ નીમી તે દ્વારા સમાધાની કરવાની પણ આ કોન્ફરન્સ આવશ્યકતા ધારેછે.

## ઠરાવ તેરમો.

### ( હાનીકારક રીત રિવાજો દુર કરવા સંબધી )

નીચે જણાવેલા દોષીત રીવાજો અજ્ઞાન અને પ્રમાદ વિગેરે કારણોથી આપણી કોમમાં દાખલ થયેલા છે, તેથી તે રિવાજોને હરેક પ્રકારે દૂર કરવાની ખાસ આવશ્યકતા છે.

| | |
|---|---|
| ૧. બાળલગ્ન. | ૫. મૃત્યુ પાછળ જમણ. |
| ૨. વૃદ્ધ વિવાહ. | ૬. મૃત્યુ પાછળ શોક ક્રિયા. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩. કન્યા વિક્રય. ૭. અયોગ્ય ફરજયાત ખર્ચો.
૪. એક કરતાં વધારે સ્ત્રી કરવી તે. ૮. મિથ્યાત્વીના પર્વાદિનો પ્રચાર.

ઉપર જણાવેલા રિવાજો બંધ કરવાની આ કોન્ફરન્સ ખાસ આવશ્યકતા ધારેછે અને તેમનાં જે જે ગામ કે શહેરમાં પ્રતિબંધ થયેલા છે તેમને આ કોન્ફરન્સ ધન્યવાદ આપે છે, તે સાથે બીજા ગામો અને શહેરોના આગેવાનોને આ ઠરાવનો યથાયોગ્ય અમલ કરવા આગ્રહ કરેછે.

## ઠરાવ ચૌદમો.

(જૈન લગ્ન વિધિનો પ્રસાર કરવા બાબત)

અન્ય ધર્મીઓના પ્રસંગને લીધે તેમજ અજ્ઞાનની પ્રબળતાથી આપણા જૈન વર્ગમાં લગ્ન વિધિ એવા પ્રકારે કરવામાં આવેછે કે તેથી આપણે મિથ્યાત્વરૂપ દોષના ભાજન થઇએ છીએ. તેથી તે દોષ દુરકરવા માટે જૈન લગ્નવિધિનો પ્રસાર વધારવો જોઈએ. તેબાબતની આ કોન્ફરન્સ ખાસ જરૂર વિચારે છે, અને જૈન લગ્નવિધિનો પ્રસાર જ્યાં જ્યાં જે જે ગ્રહસ્થોએ કરેલો છે તેને આ કોન્ફરન્સ ધન્યવાદ આપે છે, તે સાથે બીજા ગામો અને શહેરોના આગેવાનોને તે પ્રસાર કરવાની ખાસ ભલામણ કરે છે.

## ઠરાવ પંદરમો.

( જૈન ડીરેકટરી બાબત )

જૈન ડીરેકટરી કરવાની આવશ્યકતા આપણે એકમતે સ્વીકારી છે, અને તેથી તે કાર્યની શરૂઆત કરવામાં આવી છે. તે સંબંધમાં જેજે ગામો શહેરો કે પ્રાંતોના આગેવાનોએ મદદ આપી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે અને ફોર્મ ભરીને મોકલી આપ્યાં છે તેમનો અત્રે આભાર માનવામાં આવેછે, અને બાકી રહેલા ગામો અને શહેરોના આગેવાનોને તે સંબંધમાં મદદ આપવાની વિનતિ કરવામાં આવે છે.

## ઠરાવ સોળમો.

( પ્રાંતિક કોન્ફરન્સ ભરવાની અગત્ય બાબત )

દર વર્ષે મળનારી આપણી જનરલ કોન્ફરન્સની અંદર થયેલ ઠરાવોનો અમલ થવા માટે દરેક પ્રાંતમાં અનુકુળતા અનુસાર પ્રાંતીક કોન્ફરન્સો ભરવાની આ કોન્ફરન્સ આવશ્યકતા ધારે છે, અને ગયે વર્ષે આમલનેર અને પેથાપુરમાં જે પ્રાંતિક કોન્ફરન્સો ભરવામાં આવેલીછે, તેના કાર્ય કર્તાઓને આ કોન્ફરન્સ અભિનંદન આપે છે. કોન્ફરન્સના પ્રશંસનીય હેતુઓનો અમલ થવાનું તે એક પ્રબળ સાધન છે.

## ઠરાવ સતરમો.

આ કોન્ફરન્સમાં થયેલા ઠરાવોનો જયાં જયાં જેટલે દરજજે અમલ કરવામાં આવેલોછે, તેને આ કોન્ફરન્સ ધન્યવાદ આપેછે, અને હવે પછી એવા પ્રકારના ખબર કોન્ફરન્સ તરફ મોકલવા દરેક શહેર ને ગામના આગેવાનોને સુચવેછે, કે જેની એકંદર નોંધ હવે પછી મળનારી દરેક કોન્ફરન્સમાં વાંચી બતાવવામાં આવશે.

## ઠરાવ અઢારમો.

આપણી યુનિવર્સીટીમાં સંસ્કૃત સાહીત્યની અંદર આપણા જૈન શ્વેતાંબર આમ્નાયના ગ્રંથો દાખલ થાય તેને માટે યોગ્ય પ્રયત્ન કરવાની આ કોન્ફરન્સ આવશ્યકતા ધારે છે.

## ઠરાવ ઓગણીશમો.

જૈન શ્રેયસ્કર મંડળ તરફથી થતા કાર્યો પૈકી જૈન કેળવણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાતાની અંદર યથાયોગ્ય મદદ આપવાની આ કોન્ફરન્સ ભલામણ કરે છે.

ઉપર પ્રમાણે સર્વે ઠરાવો પસાર થયા પછી આવતી પાંચમી કોન્ફરન્સ અમદાવાદ તથા છઠી ભાવનગરમાં ભરવાનું જાહેર કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ શ્રી પાટણના સંઘનો, વોલંટીઅરોનો, પધારેલા ડેલીગેટોનો, કોન્ફરન્સના પ્રમુખ શેઠ વીરચંદ દીપચંદ સી. આઈ. ઈ. નો તથા સ્વાગત કમીટીના પ્રમુખ શેઠ પુનમચંદ કરમચંદનો ઉપકાર માની સભા વિસર્જન થઇ હતી.

# કચ્છ મહોદય

## અથવા

# મુનિવિહારથી થતા લાભ.

કચ્છભૂમિ અત્યારે ખરેખરી ધર્મભૂમિ થઇ છે. કચ્છ દેશની રાજધાની ધર્મરાજની રાજધાની થઇ પડી છે. ભુજનગરના ભવિજનનો ભાગ્યોદય ચડીઆતો થતો જાય છે. ભુજનગરના સંઘરૂપ સરોવરના તટ ઉપર સંપત્ સહિત હંસનો વિહાર થવાથી તેની ધાર્મિક શોભા અત્યંત રમણિય બની છે. અર્હંત ધર્મરૂપ મહાવીરે એ ભૂમિમાં ધાર્મિક રાગરંગ મચાવ્યો છે. આર્હત શાસનની વિજય પતાકા ભુજ નગરીની ભૂમિ ઊપર ઉત્કર્ષથી ફરકે છે.

ગયા માઘ માસની શુકલ ચતુર્દશીનો દિવસ કચ્છની રાજધાનીમાં એક મોટા ઉત્સવનો દિવસ હતો. તે દિવસે વિશ્વના પ્રકાશમાન ભાનુની સાક્ષીએ એક બીજા ભાનુનો ઊદય થયો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જગતનો ભાનુ તેજથી પ્રકાશે છે ત્યારે આ બીજો ભાનુ અનગાર ધર્મના ઉગ્ર તેજથી પ્રકાશમાન થયો છે. એટલે તે દિવસે વિજયાનંદસૂરિના વિજયવંત પ્રશિષ્ય મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજે વાગડમાં આવેલા આધોઇ ગામના નિવાસી ભોજાભાઇ નામના એક તરૂણ શ્રાવકને દીક્ષા આપી છે. તેમનું નામ **ભાનુવિજયજી** રાખવામાં આવ્યું છે. મુનિધર્મની સંપત્તિ પ્રાપ્ત કરવાને તે નવિન મુનિને પંન્યાસ શ્રી સંપતવિજયજીના શિષ્ય કરવામાં આવ્યા છે. આ દીક્ષા મહોત્સવના જય નાદથી કચ્છની રાજધાની ગાજી રહી હતી. આ દીક્ષાનો વિધિ પ્રાચીન પદ્ધતિને અનુસરી કરવામાં આવ્યો હતો. આ નવીન અનગાર તેમના પિતાની આજ્ઞા મેળવીને મુનિધર્મના અધિકારી બન્યા હતા. સંસારના મોહથી તેમના પિતાએ પુત્રવાત્સલ્ય દર્શાવેલ પણ હંસ વાણીરૂપ સુધાનું સિંચન થતાં તેઓએ પુત્રને આત્મ સાધનના પવિત્ર કાર્યને માટે આનંદથી આજ્ઞા આપી હતી. પુત્રવાત્સલ્યને લીધે આવેલા શોકના અશ્રુ મુનિરાજના ઉપદેશના પ્રભાવથી હર્ષના અશ્રુમાં બદલાઇ ગયા હતા, અને તેથી તેણે સાનંદપણે ગુરૂને પુત્રરૂપ ઉપહાર અર્પણ કર્યો હતો. આ દેખાવ જોઈ ભુજ નગરની સર્વ પ્રજામાં આનંદ ઉત્સવ થઇ રહ્યો હતો.

દીક્ષા મહોત્સવનો વરઘોડો મોટા આડંબર સાથે નિકળ્યો હતો. કચ્છપતિ મહારાજાની રાજસમૃદ્ધિએ તેને વિશેષ શોભા આપી હતી. આ દેખાવથી ઢુંઢક ભાઇઓના હૃદય ઉપર પણ સારી છાપ પડી હતી. દીક્ષા લેનારની ભગિનીએતો તેજ વખતે ઢુંઢક શ્રદ્ધાને શિથિલ કરી શુદ્ધ જૈન શ્રદ્ધાને સ્વીકારી હતી. આ વિજ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યવંત સ્વારીનો ઠાઠ ઘણો અદભુત હતો. ગગનમાં ફરકતો ઈંદ્ર-ધ્વજ જાણે મહોત્સવના દર્શન કરવાને સર્વને આહ્વાન કરતો હોય તેમ દેખાતો હતો. વરઘોડામાં ઢુંઢક જૈનોના બાળકો નવનવા પોશાક પેહેરી નવરંગિત થઈ તેની રમણીયતાને વધારતા હતા. ભુજપુરીની સર્વ જૈન પ્રજાએ આ મહોત્સવમાં ઉત્સાહથી ભાગ લીધો હતો. નવીન મુનિના પિતાએ ચતુર્થ વ્રત અંગીકાર કરી જુદા જુદા ત્રણે ગચ્છોમાં સાકરની લાણી કરી હતી. જ્યારે નવા દિક્ષિત મુનિને રજોહરણ અને મુખવસ્ત્રિકા ગુરૂ મહારાજાએ અર્પણ કર્યા તે વખતે આર્હત ધર્મના મધ્યાન્હ કાલનું માંગલ્ય સુચવતો હોય તેમ હમેશના રીવાજની મધ્યાન્હ કાલની શતધ્ની ( તોપ ) નો ધ્વની થયો હતો, જેના સાથે જૈન શાસનના જયધ્વનીથી ભુજનગરીની ભુમિ ગાજી રહી હતી. આ પ્રસંગે ગુરૂ મહારાજની દેશનાની ધારાએ હિંદુ, મુસલમાન અને બીજા વર્ગના હૃદયને અત્યંત આનંદ આપી પવિત્ર કર્યા હતા. હંસવાણીના વિલાસથી ભુજની ભવ્ય ભુમિ પૂર્ણ ભાગ્યવતી થઈ હતી.

આ શિવાય કચ્છ ભુમિમાં બીજો એક રમણીય પ્રસંગ ભદ્રેશ્વરના મેલાનો થયો હતો તે પ્રસંગે વીશ હજાર કોરીની મોટી ઉપજ ધાર્મિક ખાતામાં થઇ હતી. જૈન ગૃહસ્થોના મોટા સમૂહે તે પ્રસંગે હાજરી આપી તે મહોત્સવને દીપાવ્યો હતો. આ પ્રસંગે ધૂત રમવાના દુર્વ્યસનને દૂર કરવાનો નિયમ કરાવવામાં આવ્યો હતો, જેથી મહારાજશ્રીની ધર્મકીર્ત્તિ ચોતરફ પ્રસરી હતી. મુનિવિહારનો કેવો પ્રભાવ છે તેનું આ સંપૂર્ણ દૃષ્ટાંત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી મેસાણા પાઠશાળાનો ઇનામનો મેળાવડો.

## શ્રી આત્માનંદ પ્રકાશના અધીપતિ યોગ્ય.

## ભાવનગર.

## નીચેની બીના આપના માસીકમાં પ્રગટ કરશો.

મેસાણામાં પ્લેગના કારણે હાલ શ્રીમન્મહોપાધ્યાયજી શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળાનું મુકામ પાંચ ગાઉ દુર આવેલા લીંચ નામના ગામમાં રાખવામાં આવેલું છે કાર્ય પ્રસંગે અમો ચાર પાંચ ભાઇઓ આ તરફ આવી પહોચ્યા. શાળાના વિદ્યાર્થીઓનો અભ્યાસ અને શીક્ષણ પદ્ધતિ વાગેરેથી સંતોષ થતાં આ શાળાના વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાનું મુકરર કરવામાં આવ્યું અને મુનીમહારાજ શ્રી મોહન વિજયજી ( પંન્યાસજી કમલવિજયજીના શિષ્ય ) અત્રે હોવાથી તેમને પરીક્ષા લેવા વિનતી કરવામાં આવતાં હા પાડવાથી પરીક્ષા લેવાનું શરૂ કર્યું આ પ્રસંગે અમો તથા શા. નહાલચંદ નાગરદાસ પેથાપુરવાળા શા. વેણીચંદ સુરચંદ મેસાણાવાળાં શા. ત્રીભોવનદાસ જાદવજી વકીલ વળાવાળા શા શંકરલાલ ડાહ્યાભાઇ કપડવંજવાળા તથા શા. હ્ડીસંગ રતનચંદ લીંચવાળા વીગેરે ગૃહસ્થો હાજર હતા સવારના ૮।। વાગતાં વિદ્યાર્થીઓ ૧૮ હાજર થયા અને ઉક્ત મુનીરાજે પરીક્ષા લેવી શરૂ કરી વિદ્યાર્થીઓ પંચ પ્રતિક્રમણ જીવવિચાર—નવતત્વ—દંડક નાની મોટી સંગ્રહણી કર્મ ગ્રંથ આદી પ્રકરણો અને માર્ગોપદેશીકા લઘુવૃત્તિ આદી વ્યાકરણના અભ્યાસી હતા. પરીક્ષાનું પરિણામ સરાસરી આશરે સેકડે ૭૫ ટકા આવ્યું હતું. તેથી ઘણો આનન્દ થયો હતો.

આ પાઠશાળા મેસાણા વાલા શા વેણીચંદ-સુરચંદના અતિ પ્રયાસ અને દેખરેખ નીચે ચાલે છે આવી સંસ્કૃતશાળા આખા ગુજરાત કાઠીયાવાડમાં જો હોય તો આ એકજ છે

વિદ્યાર્થીઓને ખાવાપીવા અને ભણવાને માટે ઘણી સારી સગવડ છે સંસ્કૃત ભાષાના તથા પ્રકરણો પ્રતિક્રમણ વાગેરેના જોઇતાં પુસ્તકો ભણવા માટે આપવામાં આવે છે.

પરીક્ષા લેવાનું કાર્ય સમાપ્ત કર્યા બાદ વિદ્યાર્થીઓને અભ્યાસ સાથે અનુભવ જ્ઞાન તથા ભાષણની પદ્ધતિ વધારવા વીગેરેની ઉપદેશ દ્વારા

For Private And Personal Use Only